# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

રસ્તાઓનું સંચાલન પણ આપણાથી થાય છે ક્યાં?
અને બગીચાઓની સાચવણ પણ થાય છે ક્યાં?
થાય છે લીલામ હવે રેલ્વે સ્ટેશનોનું પણ -
પ્રાથમિક શાળાની પળોજળ પણ થાય છે ક્યાં?
(ખાનગીકરણ એટલે ‘વિકાસ મોડેલ?’

**હાઇકુ**

લ્યો! સીવડાવો!
હવે કેજરીવાલ -
લાખો નો કોટ..
(‘ચા’ વાળાની જેમ)

‘છે લંગોટીયો!’
‘બરાક મારો મિત્ર’ની
મારો ડંફાસચય
(- એમાં જ હાર્યા..)

## ચિંતન

**કલિઃ પ્રસુપ્તો, ભવતિ સ જાગદ દ્વાપરં યુગમ્ ।**
**કર્મસ્વ ભ્યુધતસ્ત્રેતા, વિચરંસ્તુ કૃતં યુગમ્ ॥**

જે સૂતો હોય - આળશુ, પ્રમાદી, નિષ્ક્રિય વૃત્તિ ધરાવતો હોય તે કલિયુગ છે, જે જાગતો હોય સાચું-ખોટું શું છે એ જાણતો હોય છતાં એવી બાબતોમાં સક્રિય નિર્ણય ન લઇ શકે તે જાગૃત અને તે દ્વાપર યુગ છે. જે કર્મ-ક્રિયામાં સતત તત્પર હોય-ઉત્સાહી હોય તે ત્રેતા.

અને સેવાકીય પ્રવૃત્તિમાં સદાય સેવાભાવથી પ્રવૃત્ત હોય તે કૃતયુગ-સતયુગ છે.

આપણે સમયના ભાગ પાડ્યા છે. અનંતકાળ ને માસ-દિવસ-વર્ષ-વાર-ચોઘડિયાં-હોરામાં વિભાજિત કર્યા છે. કાળ અનંત છે એ આપણા ભાગલા પ્રમાણે પવિત્ર-અપવિત્ર, સારો-ખરાબ-નિષેધ-બનતો નથી પુણ્યકાળ-રાહુ કાળ એ બધાં આપણે કાળના કટકા કરી ભાંગ્યો છે. કાળ અનંત શુદ્ધ અને નિષ્પાપ, નિરંતર સનાતન-સત્ય છે એ શા માટે આપણું ખરાબ પરિણામ લાવે?!

‘મન ચંગા તો કથરોટ મે ગંગા’ જેમ સતયુગ કળિયુગ આપણે ઊભા કરીએ છીએ મન પવિત્ર-સતયુગ મનમાં પાપ કળિયુગ છે.

## સુવિચાર

- શ્રદ્ધા એટલે વહેમ કે જડવૃત્તિ નથી... શ્રદ્ધા કેવળ મનના તરંગ નથી.. શ્રદ્ધા પૂર્ણ વિશ્વાસ છે, વફાદારી છે, શરણાગતિ છે **- ઇસુ ખ્રિસ્ત**
- જીંદગી છે અજબ ઉખાણાથી.. બંધ તાળું છે ખાલી પેટીને.. **- અશોક ગોસ્વામી**
- ભીતરના ઉમળકા સહીત નાનો પ્રકાશ પણ થઇ શકે તો આપણે જે કંઇ કામ કર્યું હોય તે સાર્થક ગણાય **- રમણ મહર્ષિ**
- ફુગાવાના અર્થતંત્રમાં કામચોરી ઘી હોવાનું કામ કરે છે **- એસ. ભટ્ટાચાર્ય**
- સારી ઊંઘ માટે તમે તમારા મન રૂપી ગાડીને પહેલા બીજા કે ત્રીજા ગીયરમાંથી કાઢીને ન્યૂટ્રલમાં લાવી દો.. **- ભૂપત વડોદરિયા**
- અહમ્‌નો નાશ થાય તો જ માણસમાં શાણપણ આવવાની શરૂઆત થાય છે **- ધર્મસૂત્ર**
- સાચો મહાન માણસ ત્રણ બાબતોથી ઓળખાતો હોય છે.. એક આયોજનમાં ઉદારતા-બીજી એના અમલીકરણમાં માનવતા.. અને ત્રીજી સફળતા પછીનો સંયમ **- જનકલ્યાણ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણે આપણી જાતને નેતાના નેતા કે રાજાધિરાજ સમજતા હોઇએ - ગમે તેટલી સંપત્તિ હોય છે. કામ-ક્રોધ-મોહ-જે આપણા ગુલામ છે પણ - હકીકતમાં એ આપણા પર જ સત્તા ચલાવે છે.

સિકંદર શૈન્ય સાથે ભારતના હિમાચલપ્રદેશનાં જંગલમાંથી પસાર થતો હતો. ત્યાં એક યોગીને ધ્યાનસ્થ જોયા. ત્યાંના વાસીઓ પાસેથી તેની સિદ્ધિઓને સાદગી વિશે સાંભળ્યું. યોગીને ગ્રીસ જવાના ઇરાદે વિનંતી કરતાં કહ્યું, ‘આપણને મહેલમાં રહેવાની, વ્યવસ્થા, ખાવા-પીવા, નોકર-ચાકર-વાહન અને જરૂરિયાત પ્રમાણે પૈસા પણ આપીશ મારી સાથે ગ્રીસ ચાલો.’

યોગી કહે - મારી કોઇ જ જરૂરિયાત નથી ખાવા પીવા માટે ફળ-ફૂલ મળી રહે છે અહીં જ સુખ-શાંતિ છે. સિંકદરે બહુ આગ્રહ કર્યો. યોગી માન્યા નહીં જ સિકંદર ગુસ્સે થઇ કહે ‘હું તમને કેદ કરીને લઇ જઇશ.’ ‘હું સ્માટોનો સમ્રાટ છું - સિકંદર.’

યોગી કહે મારી દૃષ્ટિએ તો તું ગુલામનો ગુલામ છે.

સિકંદરે પૂછ્યું - કેવી રીતે?

યોગી કહે ક્રોધ આપણો ગુલામ છે પણ અત્યારે તું જ એનો ગુલામ થઇ ગયો ને? તારું સમ્રાટપણું ક્યાં ગયું? સિકંદરને સમજ પડી - શરમિંદો થઇ આગળ વધ્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

# બુદ્ધનું પ્રથમ પ્રવચન કયા નામે ઓળખાય છે?

## ભારતનો ઇતિહાસ

(૧) સિંધુ ખીણની સંસ્કૃતિનું રોપડ સ્થળ હાલમાં કયા રાજયમાં આવેલું છે?
(અ) પંજાબ (બ) હરિયાણા
(ક) જમ્મુ કાશ્મીર (ડ) હિમાચલ પ્રદેશ

(૨) કયા ગુપ્ત શાસકને ભારતનો નેપોલિયન કહેવામાં આવે છે?
(અ) ચંદ્રગુપ્ત (બ) સમુદ્રગુપ્ત
(ક) સ્કંદગુપ્ત (ડ) હર્ષવર્ધન

(૩) ભારતમાં મુસ્લિમ શાસનનો પાયો કોણે નાખ્યો?
(અ) મહમદ તઘલખ (બ) કુત્બુદ્દીન ઐબક
(ક) મહમદ ઘોરી (ડ) ઈલ્તુત મિશ

(૪) ગીત ગોવિંદના રચયિતા જયદેવ કોના દરબારમાં રાજકવિ હતા?
(અ) લક્ષ્મણસેન (બ) યશોવર્ધન
(ક) મહેન્દ્ર વર્મન (ડ) ભોજ

(૫) કોણાર્કનું સૂર્યમંદિર કોણે બનાવ્યું હતું?
(અ) ગંગ શાસક નરસિંહ દેવ (બ) પલ્લવ શાસક નરસિંહ વર્મન
(ક) ગંગ શાસક અનંત વર્મન (ડ) પાલ શાસક ધર્મપાલ

(૬) ભારત પર આક્રમણ કરનાર પ્રથમ આરબ મુસ્લિમ કોણ હતો?
(અ) મહમદ ઘોરી (બ) મોહમદ બિન કાસિમ
(ક) સુબુક્તગીન (ડ) જલાલુદ્દીન ખિલજી

(૭) ભારતમાં પારસીઓના નવા વર્ષ ‘નવરોજ’ની ઉજવણીની શરૂઆત કોણે કરાવી હતી?
(અ) જલાલુદ્દીન ખિલજી (બ) મલિક કાફર
(ક) અમીર ખુશરો (ડ) ગ્યાસુદ્દીન બલબલ

(૮) ભારતના ઈતિહાસમાં ‘તોતા-એ-હિંદ’ તરીકે ઓળખાય છે?
(અ) અમીર ખુસરો (બ) ઈબ્નબતૂતા
(ક) શ્રીનાથ કોના (ડ) હસન દહેલવી

(૯) કયો શાસક ‘સલ્તનત કાળનો અકબર’ તરીકે ઓળખાય છે?
(અ) મહમદ તુઘલખ (બ) ફિરોઝાબાદ તુઘલખ
(ક) ખિજખાં (ડ) મોહમદ બિન તુઘલઘ

(૧૦) દિલ્હીની ગાદી પર શાશન કરનાર પ્રથમ અફઘાન વંશનો સુલતાન કોણ હતો?
(અ) બહલોલ લોદી (બ) સિકંદર લોદી
(ક) અબ્રાહ્મ લોદી (ડ) ગ્યાસુદ્દીન તુઘલઘ

(૧૧) યુદ્ધમાં સૌ પ્રથમ તોપોનો ઉપયોગ કરનાર મુઘલ બાદશાહ કોણ હતો?
(અ) હૂમાયુ (બ) બાબર
(ક) જહાંગીર (ડ) અકબર

(૧૨) અકબરનો જન્મ કયાં થયો હતો?
(અ) આગ્રામાં (બ) દિલ્હીમાં
(ક) અમરકોટમાં (ડ) અજમેરમાં

(૧૩) શિખ ગુરુ અર્જુન દેવ પર કયા મુઘલ બાદશાહે દેશદ્રોહનો આરોપ મુકી ફાંસીની સજા કરી હતી?
(અ) ઔરંગઝેબે (બ) બાબરે
(ક) હુમાયુએ (ડ) જહાંગીરે


(૧૪) બુદ્ધનું પ્રથમ પ્રવચન કયા નામે ઓળખાય છે?
(અ) ધર્મચક્ર પ્રવર્તન (બ) ધર્મચક્ર પ્રવચન
(ક) પ્રથમ પ્રવર્તન (ડ) પ્રથમ પ્રવચનમ્

(૧૫) કયો મુઘલ બાદશાહ જયોતિષમાં વધુ વિશ્વાસ ધરાવતો હતો?
(અ) મુહમદ શાહ (બ) ઓરંગઝેબ
(ક) અકબર (ડ) હુમાયુ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૧૩ ફેબ્રુ. ૧૯૨૩ — અલ્ફ્રેડ વોલ્ફ - અમેરીકન ન્યુક્લિઅર અને ઓર્ગેનિક કેમેસ્ટ્રીના વૈજ્ઞાનિક, કાર્બન-૨ આઇસોટોપ પર સંશોધન કરનાર વૈજ્ઞાનિક
- ૧૩ ફેબ્રુ. ૧૯૧૦ — વિલિયમ બી. શોકલી - ઇંગ્લીશ-અમેરિકન ભૌતિક વિજ્ઞાની અને એન્જીનીયર ૧૯૫૬માં નોબલ પારિતોષિક વિજેતા, ટ્રાન્ઝિસ્ટ્રના શોધક.
- ૧૪ ફેબ્રુ. ૧૯૫૪ — વ્હાલ્ડમીર ગર્શોનોવીક ડ્રીનફિલ્ડ - સોવિયેટ મેથેમેટીશીયન. ૧૯૯૦માં ક્વૉન્ટમ ગ્રુપ થિયરી આપવા બદલ ગણિતશાસ્ત્રનો ફિલ્ડ મેડલ વિજેતા.
- ૧૪ ફેબ્રુ. ૧૯૧૭ — હર્બટ એ. હપ્ટમેન - અમેરીકન મેથેમેટીશીયન તથા ક્રિસ્ટલોગ્રાફર ‘ક્રિસ્ટલ સ્ટ્રકચર પર વિશેષ સંશોધન બદલ ૧૯૮૫માં નોબલ પારિતોષિક મળ્યું.’
- ૧૫ ફેબ્રુ. ૧૯૨૨ — હર્મન કહાન - અમેરીકન ભૌતિકશાસ્ત્રી, અમેરીકન આર્મીમાં ‘ન્યુકલીઅર સ્ટેટેજી’ના માહિર વૈજ્ઞાનિક
- ૧૫ ફેબ્રુ. ૧૮૮૪ — અલ્બર્ટ સી. ગિલબર્ટ - અમેરીકન સંશોધક, બોક્સ મેજીક સીટના ઉત્પાધક.
- ૧૬ ફેબ્રુ. ૧૯૦૧ — જહોન રેક્ષ વ્હીનફિલ્ડ - ઇંગ્લીશ કેમીસ્ટ અને સંશોધક - પોલીસ્ટર, અને પોલીથીનના શોધક
- ૧૬ ફેબ્રુ. ૧૮૬૮ — વિલ્હેમ સ્કેચમીડ - જર્મન એન્થ્રોપોલોજીસ્ટ તથા રોમન કેથોલીક પ્રિસ્ટ
- ૧૭ ફેબ્રુ. ૧૮૯૯ — હેરી જી. આર્મસ્ટ્રોંગ - અમેરીકન ફીજીશીયન ૧૯૩૫માં અમેરીકાની જાણીતી સંશોધન સંસ્થા ‘ફિઝીયો લોજીકલ રીસર્સ લેબોરટરી’ના ચીફ બન્યા હતા.
- ૧૭ ફેબ્રુ. ૧૮૯૦ — સર રોલાન્ડ એલમર ફિશર - બ્રિટીશ જીનેટીકલ વૈજ્ઞાનિક, બાયોમેટ્રીક જીનેટીકલ પર વિશેષ સંશોધ કરનાર
- ૧૮ ફેબ્રુ. ૧૮૯૯ — સર ગિલ્બર્ટ રોબર્ટસ - બ્રિટીશ સિવિલ એન્જીનીયર, હાઇ ટેન્શીલ સ્ટ્રીલનો ઉપયોગ કરી બ્રીજ બનાવનાર
- ૧૮ ફેબ્રુ. ૧૮૯૮ — એન્જો ફેરારી - ઇટાલીયન ઓટોમોબાઇલ મેન્યુફેકચરર, રેસીંગકાર બનાવનાર
- ૧૯ ફેબ્રુ. ૧૯૪૧ — ડેવીડ ગ્રોસ - અમેરીકન ભૌતિક વિજ્ઞાની, ૨૦૦૪માં ભૌતિકશાસ્ત્રીનું નોબલ પારિતોષિક વિજેતા
- ૧૯ ફેબ્રુ. ૧૯૧૦ — વિલિયમ ગ્રે વાલ્ટર - અમેરીકન બ્રિટીશ ન્યૂરોલોજીસ્ટ, બ્રેઇન વેવ પર વિશેષ સંશોધન કરનાર



**ખજાનો**

- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

## ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - કોંગ્રેસના કયા મહિલા નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી તાજેતરમાં કોંગ્રેસમાંથી મુકત થયા?**
**જવાબ - જયંતિ નટરાજન**

## સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) નટુભાઇ દરજી : પેથાપુર
(૨) ઋજિત એન. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૩) મૂળજીભાઇ પરમાર ‘દધિ’ - સે-૭
(૪) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૬) ગોમતીબેન કનુભાઇ પરમાર : સેકટર-૨ડી

## આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**અરવિંદ કેજરીવાલે પ્રથમ વાર કઇ તારીખે દિલ્હીના મુખ્યમંત્રી તરીકે સપથ લીધા હતા?**

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

## સાચા જવાબો

(૧) અ (૨) બ (૩) ક (૪) અ (૫) અ (૬) બ (૭) ડ (૮) અ (૯) બ (૧૦) અ (૧૧) બ (૧૨) ક (૧૩) ડ (૧૪) અ (૧૫) ડ

# મહાભારતના યુદ્ધમાં અઢાર અક્ષૌહિણી સેના નાશ પામી હતી

(ગતાંકથી આગળ...)

૨૦. શાતનુંના ભાઇઓ - મોટો પુત્ર - દેવાપિ. દેવાપિનું શરીર કોઢવાળું હતું તેથી બ્રાહ્મણોએ પ્રતિય રાજાને તેઓનો રાજ્યાભિષેક કરતાં અટકાવ્યા હતા, તેથી વનમાં ચાલ્યા ગયા હતા. બીજો પુત્ર - બાહલિક. બાહલિક પોતાના પિતા અને ભાઇઓને ત્યજીને પોતાના મામાના સમૃદ્ધ કુળમાં જઇને વસ્યા હતા.

૨૧. દેવો તેમજ અસુરોનાં અંશાવતારો - જે બધા મહાભારતના પાત્રો હતા.

ધર્મ-વિદુર, કલિ-દુર્યોધન, દ્રૌપદી-ઇંદ્રાણી, સિદ્ધિ અને ધૃતિ - કુંતી અને માદ્રી, મતિદેવી - ગાંધારી, ભીષ્મ - વસુઓ, દ્રોણ - બૃહસ્પતિ, ચંદ્રનો પુત્ર વર્ચા - અભિમન્યુ, મરુદગણો - કૃતવર્મા, સનતકુમાર - પદ્યુમન, લક્ષ્મીજી-રુક્મણિ, અનંતદેવ (શેષ) - બળદેવ, નારાયણ - શ્રી કૃષ્ણ, યક્ષ - ઘટોત્કચ, રાક્ષસો - દુર્યોધનના સહાયકો, વિશ્વદેવોનાગણ - વિરાટ, દ્રુપદ, ધૃષ્ટકેતુ, નિશઠ, અક્રુર, સાંબ, ભાનુકંપ, વિદૂરથ, ભૂરિશ્રવા, શલ, કંસ, ઉગ્રસેન, વાસુદેવ અને શંખ અને દ્રૌપદીનાં પાંચ પુત્રો.

મહાદેવ, અંતક, કામ અને ક્રોધ એ ચારમાં અંશમાં - અશ્વત્થામા, કૃપ-રૂદ્રોના ગણ, શકુનિ-દ્વાપરયુગ. સાત્યકિ - મરુતદેવો, દ્રુપદ-મરુદગણ, કૃતવર્મા-મરુદગણ, વિરાટરાજ-મરુદગણ, ગંધર્વપતિ હંસ - ધૃતરાષ્ટ્ર, ધૃષ્ટદ્યુમ્ન - અગ્નિ, અપ્સરાઓ - શ્રીકૃષ્ણની સોળ હજાર રાણીઓ. સૂર્ય - કર્ણ, ઇંદ્ર - અર્જુન, વાયુ-ભીમ, અશ્વિનીકુમારો - નકુલ અને સહદેવ, નકુલ, ધર્મ-યુધિષ્ઠિર.

૨૨. અસુરો

વિપ્રચિત્તિ - જરાસંઘ, હિરણ્યકશિપુ - શિશુપાલ, પ્રહલાદનો નાનો ભાઇ સંહલાદ - વાહીક રાજા શલ્ય, પ્રહલાદનો સૌથી નાનોભાઇ અનુહલાદ - ધૃષ્ટકેતુ, શિબિ - દ્રુમ, બાશ્કલ-ભગવદત્ત, કેતુમન - અમિતૌજા, સર્વભાનુ - ઉગ્રસેન, અશ્વ - અશોક, અશ્વપતિ - હાર્દિક્ય, વૃશપર્વા - રાજા દીર્ઘતમા, અશ્વગ્રીવ - રોચમાન, સૂક્ષ્મ - બ્રહદ્રથ, એકચક્ર - પ્રતિવિંધ્ય, વિરૂપાક્ષ - ચિત્રધર્મા, હર - સુબાહુ, અહર - બાહલીક, નિકુંભ - દેવાધિપ, શરભ - પૌરવ, કુપટ - સુપાર્શ્વ, કાલનેમી - કંસ (તે ઉપરાંત - નગ્નજિત, મુંજકેશ, પાર્વતેય, ચંદ્રવર્મા, ઋષિક, દ્રુમસેન, શુનક, કાશીરાજ, વસુમિત્ર, અધિશ્વર, મણિમાન, નિષાદરાજ, વસુમિત્ર, અધિશ્વર, મણિમાન, નિષાદરાજ, શ્રેણિમાન, પાર્વતીય, બાહિક આ બધા જ અસુરોના અવતાર હતા)

૨૩. બાણશય્યા પર ભીષ્મ પિતામહ ૫૮ દિવસો પર રહ્યા બાદ તેઓએ પ્રાયત્યાગ કર્યા હતા.

અઢાવન દિવસો આ રીતે થાય છે -

૧૬ દિવસ સુધી બધાએ સૂતક પાળ્યા. (૨૪ દિવસ)



**માહિતીપુંજ**

- છબાભાઇ પટેલ

૦૧ દિવસે શ્રાદ્ધ ક્રિયા કરી (૨૫મો દિવસ)
૦૧ દિવસ નગર પ્રવેશ (૨૬મો દિવસ)
૦૧ રાજ્યાભિષેક (૨૭મો દિવસ)
૦૧ પ્રજાનું સાંત્વન (૨૮મો દિવસ)
૩૦ દિવસ ભીષ્મનો ઉપદેશ (૨૯માં દિવસથી ત્રીસ દિવસો)

૨૪. સેના - મહાભારતના યુદ્ધમાં અઢાર અક્ષૌહિણી સેના નાશ પામી હતી. સેનાની ગણના નીચે પ્રમાણે બે રીતે કરવામાં આવતી હતી.

પત્તિ = પાંચ પાળા અને ત્રણ ઘોડા
સેનામુખ = ત્રણ પત્તિઓ (૧૫ પાળા અને ૯ ઘોડા)
ગુલ્મ = ત્રણ સેનામુખ (૪૫ પાળા અને ૨૭ ઘોડા)
ગણ = ત્રણ ગુલ્મ (૧૩૫ પાળા અને ૮૧ ઘોડા)
વાહિની = ત્રણ ગણ (૪૦૫ પાળા અને ૨૪૩ ઘોડા)
પૃતના = ત્રણ વાહિની (૧૨૧૫ પાળા અને ૭૨૯ ઘોડા)
ચમૂ = ત્રણ પૃતના (૩૬૪૫ પાળા અને ૨૧૮૭ ઘોડા)
અનીકિની = ત્રણ ચમૂ (૧૦૯૩૫ પાળા અને ૬૫૬૧ ઘોડા)
અક્ષૌહિણી = ૧૦ અનીકીનીઓ (૧,૦૯,૩૫૦ પાળા અને ૬૫,૬૧૦ ઘોડા)

● બીજી રીતે એક અક્ષૌહિણી સેનામાં ૨૧, ૮૭૦ રથો, ૨૧૮૭૦ હાથીઓ, ૧,૦૯,૩૫૦ પાળાઓ (પાયદળ) અને ૬૫, ૬૧૦ ઘોડાઓ હોય છે.

(એક અક્ષૌહિણી સેનામાં આશરે ૨,૬૨,૬૪૦નું સૈન્ય હોય, રથ અને હાથી સવાર રાજાઓનું અન્ય દિશાઓથી રક્ષણ કરવા અન્ય રક્ષકો પણ હોય છે, કુલ રથો અને હાથી સવારોના રક્ષકો હોય તેટલી સંખ્યા વધારે થાય.)

૨૫. યોદ્ધાઓ -

મહારથી - જે વ્યક્તિ એકલો જ દસ હજાર ધનુર્ધરો સાથે લડે. વળી શસ્ત્રો અને શાસ્ત્રોમાં કુશળ હોય.

અતિરથી - જે વ્યક્તિ અસંખ્ય ધનુર્ધરો સાથે એકલો જ લડી શકે.

રથી - જે વ્યક્તિ એક હજાર ધનુર્ધરો સાથે એકલો લડી શકે.

અર્ધરથી - જે વ્યક્તિ એક હજારથી ઓછા ધનુર્ધરો સાથે લડી શકે.

૨૬. શસ્ત્રો આદિ :-

અંકુશે, શતઘ્ની, લાંગલ, ભુશંડી, પથ્થરના ગોળા, પરશુ, ઢાલો, આગ ના ગોળા, આગનની નળી, ધનુષ્યો, બાણો, ભાલા, લાકડીઓ, પરિઘ, મુસલો, શક્તિ, નખરાસ્ત્ર, ગદા.

- અનુકર્ષ - રથના ભાંગી ગયેલા ભાગને સુધારી લેવા માટે રથ નીચે બાંધવામાં આવતું લાકડું
- તૂણીર - રથ ઉપર નાખવાના વાઘના ચામડાના ઓઢા.
- તોમર - હાથ વડે ફેંકાય તેવા કાંટાવાળા દંડ
- ઉપાસંગ - હાથી અને ઘોડાઓથી ઉપાડાય તેવા ભાથા.
- નિષંગ - પાળાઓથી ઉપાડાય તેવા ભાથા.
- શક્તિ - લોખંડનો દંડ
- ક્ષુર - અસ્ત્રા જેવા માથાવાળા બાણો
- ક્ષુરપો - ઘોડાની ખરી જેવા માથાવાળા બાણો.
- ભલ્લો - પહોળા અગ્રભાગવાળાં બાણો
- અજંલિકો - શિંગડા જેવા અગ્રભાગવાળાં બાણો.

(ક્રમશઃ)

## સ્થાનિક ડોકટરે તો રાજકોટ જઇ બતાવવા કહ્યું ને હું રાજકોટ આવ્યો, મારી પાસે ૧૬૦૦ રૂપિયા હતા, ત્યાં જાણીતી હોસ્પિટલમાં બતાવ્યું તો ડોકટર કહે, સીટીસ્કેન કરાવવો પડે

મારા એક સત્સંગી મિત્રે પોતાનો અનુભવ કહ્યો, ત્યારે લાગ્યું કે હજી પરંપરાનો જળવાતી આવી છે ને તે જ આ રાષ્ટ્રની સંસ્કારિતા છે ‘અનુભવ તેમની વાણીમાં...’

મારું ગામ જામનગર - જીલ્લાનું છેવાડું ગામ, જાતે લુવાણા - ધંધો સોનીનો, ત્રણેક વરસ પહેલાં મને લકવાની અસર થઇ. સ્થાનિક ડોકટરે તો રાજકોટ જઇ બતાવવા કહ્યું ને હું રાજકોટ આવ્યો. મારી પાસે ૧૬૦૦ રૂપિયા હતા. ત્યાં જાણીતી હોસ્પિટલમાં બતાવ્યું તો ડોકટર કહે, સીટીસ્કેન કરાવવો પડે. જાઓ કરાવી લાવો, આમાં રૂા. ૬૦૦ તો વપરાઇ ગયા.

હું સીટી સ્કેન કરાવવા ગયો. ત્યાં લાઇનમાં મારો નંબર ત્રીજો હતો. નર્સ કહ્યું. તમારો વારો આવે તો સામી બારી પર રૂા. ૨૪૦૦ ભરી દેજો. પછી કેસ નોંધાશે. હું મુંઝાયો. મારી પાસે તો ૧૦૦૦ જ હતા. મેં ઘરે ફોન તો કર્યો. પણ પૈસા આવે ત્યાં સુધી...

**પ્રસંગ**

- અનંત ન. વ્યાસ

મેં મારી પાછળ બેઠેલા ભાઇને કહ્યું, મારો વારો આવે ત્યારે તમે જજો... મેં ફોન કરી પૈસા મંગાવ્યા છે



તે આવ્યા નથી... તો તે ભાઇ કહે, ‘તમારો વારો છે તે તમારે જવું જોઇએ. જો તમો નહિ જાવ તો નામ ચેકી નાખશે... ને પછી વારો નહિ આવો પણ ભાઇ મારી પાસે....’

અમે શા માટે મુંઝાવ છો. લો આ પૈસા - તેણે હજારની બે નોટ મને આપી... અરે પણ તમો... હું તો તમને ઓળખતો નથી... ને આ... મારાથી વધારે ન બોલાયું.

‘જો ભાઇ, તમે ફોન કર્યો... મેં સાંભળ્યો, જુઓ તમારો વારો આવી ગયો... જાવ... ને લો આ મારું કાર્ડ... દુકાને આવી ગમે ત્યારે આપી જજો...’

વગર ઓળખાણે તે માણસે મને તુરત મદદ કરી મારું કામ થયું. નાણાં તો ચુકવાયા, પણ મને એ કાયમ યાદ રહી ગયા.